# સેકટર-૩ ન્યુમાં પડેલ ભૂવો અકસ્માત નોતરશે

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૩ ન્યુમાં સરકારી દવાખાનાની સામે માર્ગની વચ્ચો વચ્ચ મોટો ભૂવો પડયો છે. આથી વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે દ્વિચક્રી વાહનચાલકો તેમજ રાત્રે ચાલવા જતાં વસાહતીઓમાં ભૂવાને પગલે અકસ્માત સર્જાય તેવી ભીતી છે. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતાં તંત્રના અધિકારીઓ આ અંગે આંખ આડા કાન કરી રહ્યા છે.

પાટનગરના સેકટર-૩ ન્યુ સરકારી દવાખાનાની સામેના માર્ગ ઉપર એકાદ વર્ષ અગાઉ પણ આ જગ્યાએ ભૂવો પડયો હતો. જેને સ્થાનિક રહીશોની રજુઆતને પગલે તંત્ર દ્વારા પૂરવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા એક મહીનાથી તે જ જગ્યાએ ફરીથી ભૂવો પડતા રહિશોમાં ભય ફેલાયો છે. માર્ગ વચ્ચે ભૂવો હોવાથી ચાલતા જતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોને પણ સાવચેતી પૂર્વક પસાર થવું પડે છે. અગાઉ ભૂવાને પગલે અનેક નાના મોટો અકસ્માતો પણ સર્જાયા છે અને નાની મોટી ઈજાઓ પણ લોકોને પહોંચી હતી. સ્થાનિકોએ તંત્ર સમક્ષ અનેકવાર ભૂવો પૂરવા માટે રજુઆત કરી છે છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તેમજ ચોમાસાની સિઝનની શરૂઆત થવાની તૈયારી છે. ત્યારે ભૂવો પૂરવામાં નહીં આવે તો મોટા અકસ્માતની ભીતી વસાહતીઓમાં સેવાઈ રહી છે.

# આંતરિક સુરક્ષા અંગે શ્વેત પત્રની મોદીની માગ







નવી દિલ્હી,તા. ૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આક્રમક વલણ અપનાવીને કેન્દ્ર સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુ કે રાજનીતિ માટે સુરક્ષા સંસ્થાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આંતરિક સુરક્ષા અંગે શ્વેત પત્ર લાવવાની જરૂર છે. રાજકીય મોરચા પર મોદીએ ગુજરાતમાં બે લોકસભાની બેઠક અને તમામ ચારેય વિધાનસભાની બેઠકો જીતી લેવા અંગે કહ્યુ હતુ કે યુપીએ સરકારની નીતિઓના કારણે તેની હાર થઈ રહી છે.

મોદીએ આંતરિક સુરક્ષા અંગે મુખ્યમંત્રીઓના સંમેલનમાં પોતાના સંબોધનમાં કહ્યુ હતુ કે સરકાર સમક્ષ એવી રજુઆત કરવામાં આવી છે કે આંતરિક સુરક્ષાના પાસાને વધારે મજબુત કરવાની જરૂર છે. તેમણે ઉમેર્યુ હતુ કે રાજનીતિ માટે સુરક્ષા સંસ્થાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ રીતે સુરક્ષા સંસ્થાઓનો ઉપયોગ કરીને આ સંસ્થાઓની વિશ્વસનીયતા ખતમ કરવામાં આવી રહી છે. આંતરિક સુરક્ષાના મુદ્દે યોજાયેલી બેઠકનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યુ હતુ કે છેલ્લા ૧૦ વર્ષમાં આવી ૧૦થી વધુ બેઠકો યોજાઈ ચુકી છે. આ બેઠકોમાં મુખ્યમંત્રીએ જે સુચન કર્યા છે તેમના પર કયા પગલા લેવામાં આવ્યા છે તે અંગે ધ્યાન આપવાની જરૂર છે. તેમણએ કહ્યુ હતુ કે દેશના લોકોને આ વાત જાણવાનો અધિકાર છે કે હજુ સુધી કોઈ કાર્યવાહી કેમ થઈ નથી. મોદીએ એમ પણ કહ્યુ હતુ તે તેઓ વડાપ્રધાન સમક્ષ એવી રજુઆત કરી ચુકયા છે કે આ સંમેલન મારફતે એવા કઠોર સંદેશા જવા જોઈએ કે દેશ છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહની સાથે છે અને ભારત માઓવાદી હિંસાની સામે ઝૂકશે નહીં. મોદીએ ગુજરાતમાં પેટા ચૂંટણીમાં ભાજપની જીતનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે લોકોનો કેન્દ્રમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે ત આ બાબનતો સંકેત આપે છે. એનસીટીસીના મુદ્દે પણ મોદીએ જોરદાર વિરોધ કર્યો હતો અને કહ્યુ હતુ કે આ સંબંધમાં હજુ પણ વધારે ધ્યાન આપવાની જરૂર છે. સૂચિત માળખા અને તેની કામગીરીને લઈને અમને વાંધો છે. દેશના મૂળભૂત સિંદ્ધાંતો આમા દેખાતા નથી. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તામાં સ્પષ્ટ વિભાજનની સ્થિતિ છે. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે માઓવાદી હિંસાને કઠોર હાથે ડામવાની જરૂર છે.

# બહિયલ નજીક નર્મદા કેનાલમાંથી અજાણ્યા યુવક-યુવતીનો મૃતદેહ મળ્યા

દહેગામ, તા. ૫

દહેગામ તાલુકાના બહિયલ ગામ આવેલ હનુમાન ટેકરી નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજ રોજ અજાણ્યા યુવક-યુવતિના મૃતદેહ કેનાલમાં તરતા હતા. આ જગ્યા ઉપર અવર-જવર કરતાં લોકોએ નજરે પડતાં બહિયલ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસ હનુમાન ટેકરી ખાતે દોડી આવી અને તરવૈયા મારફતે ઘણી જહેમત બાદ યુવક-યુવતિના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

યુવકની ઉં.વ. ૨૫ જેટલી આશરે અને યુવતિની ઉં.વ. ૨૦ વર્ષ જેટલી હોય તેમ પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. જેઓના નામ-સરનામા અંગે કોઈ જાણ થયેલ ન હતી. આ અંગેની વધુ તપાસ બહિયલ આઉટ પોસ્ટના પી.એસ.આઈ. જી.એન. ચુડાસમા કરી રહ્યા છે.

# સાયન્સ કોલેજોમાં ૭૦૦૦ બેઠકો માટે ૨૫૦૦૦ ફોર્મ

અમદાવાદ, તા.૫

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું આ વર્ષે ૯૨ ટકા જેટલું પરીણામ જાહેર થતા તેની સીધી અસર સાયન્સ કોલેજોમાં પ્રવેશ ફોર્મ ભરવામાં નજરે પડી હતી. ત્રણ દિવસ ચાલેલી પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા દરમિયાન ગુજરાત યુનિવર્સિટી સલગ્ન કોલેજોમાં ગત વર્ષ કરતા ડબલ એટલે કે અંદાજે ૨૫,૦૦૦ જેટલા પ્રવેશ ફોર્મ ભરાયા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિનીયરીંગ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. જયારે મેડીકલ પ્રવેશના કાર્યક્રમની હજુ સુધી જાહેરાત કરાઈ નથી. ત્યારે બીએસસીમાં પ્રવેશ માટે ત્રણ દિવસ દરમિયાન હાથ ધરાયેલ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં ઘસારો જોવા મળ્યો હતો. આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે અમદાવાદની એમ.જી. સાયન્સ, સી.યુ. શાહ અને સેન્ટ ઝેવીયર્સ જેવી કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની લાઈનો લાગી હતી. અને વિદ્યાર્થીઓએ કલાકો સુધી લાઈનમાં ઉભા રહીને ફોર્મ ભર્યા હતા.

# કોંગ્રસની નકારાત્મકતા સામે લોકોએ મત આપ્યા : ભાજપ

## ચૂંટણીમાં શાનદાર જીત બદલ જનતા જનાર્દનને ફળદુના અભિનંદન:પરિણામ નવી રાજનીતિ તરફ દેશને લઈ જશે

અમદાવાદ, તા.૫

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ ગુજરાતમાં ૨ જૂનના રોજ યોજાયેલી બે લોકસભા પોરબંદર અને બનાસકાંઠા તેમજ ચાર વિધાનસભા મોરવા હડફ, લીંબડી, ધોરાજી અને જેતપુરની પેટા ચૂંટણીમાં કેસરીયો કરવા બદલ આ મત વિસ્તારની જનતા જનાર્દનનો આભાર માન્યો છે. આ મત વિસ્તારના મતદારોને ભાજપાની વિચારધારાને સમર્થન આપવા પ્રેરવા પરિશ્રમ કરનાર સૌ કાર્યકરોએને અભિનંદન આપ્યા છે. તેઓએ જણાવ્યું છે કે ગુજરાતની રાજનીતિને નકારાત્મક બનાવવા પ્રયત્નશીલ કોંગ્રેસની તમામ રીતરસમોને આ છ મતવિસ્તારના મતદારોએ નકારી નાંખીને ભાજપાની વિકાસલક્ષી હકારાત્મકને સમર્થન આપ્યું છે. કોંગ્રેસ પાર્ટીના અગ્રણીઓએ બેબુનિયાદ આક્ષેપો દ્વારા આ આખીયે ચૂંટણીને કલૂષિત કરવા પ્રયાસ કર્યા પરંતુ ગુજરાતના વિકાસપ્રેમી અને શાંત મતદારોએ કોંગ્રેસની વાતોને ધ્યાનમાં લીધા સિવાય નિર્ભીકપણે ભાજપાની રાષ્ટ્રવાદી વિચારધારાને અને ઉમેદવારોને જંગી બહુમતિથી વિજયી બનાવી ઈતિહાસ સર્જ્યો છે. તેઓએ વધુમાં જણાવ્યું છે કે જનતા કોંગ્રેસના કુશાસનથી ત્રસ્ત થઈ ગઈ છે, કેન્દ્રની સરકારની આમઆદમીને પરેશાન કરતી ભાવવધારાની નીતિથી મુશ્કેલી અનુભવી રહી છે. ભ્રષ્ટાચાર અને કૌભાંડોને પરીણામે આ સરકાર પરથી જનતાનો વિશ્વાસ ઉઠી ગયો છે તેવા સમયે ગુજરાતની તમામ છ બેઠકો પર કોંગ્રેસનો કારમો પરાજય અને ભાજપાનો ભગવો લહેરાયો છે તે દેશની રાજનીતિને નવી દિશા આપશે અને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં એનડીએનું શાસન દિલ્હીમાં સ્થાપવા માટેનો આધાર સ્તંભ બનશે.

# મોંઘવારી-ભ્રષ્ટાચારના કારણે કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા

## પાણીની તંગીનો મુદ્દો ચાલ્યો નહિ : કોંગ્રેસ મોરવા હડફની બેઠક પણ જાળવી શકી નહી

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકોની પેટા ચૂંટણીના આજે જાહેર થયેલા પરીણામમાં મતદારોએ ખાસ કરીને કાળઝાળ મોંઘવારી અને ભ્રષ્ટાચારના મુદ્દે કોંગ્રેસને તમામ છ બેઠકો પર જાકારો આવ્યો છે. અને સૌરાષ્ટ્રમાં પાણીની તંગીના મુદ્દે કોંગ્રેસે મંચાવેલી કાગારોળને વધુ મહત્વ નહિ આપીને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યા હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે.

ગુજરાતની પેટા ચૂંટણીમાં ભાજપના આ ઐતિહાસિક વિજય પાછળ મતદારોના મનમાં કોંગ્રેસની ખરડાયેલી છબી વધુ મહત્વનો ભાગ ભજવી ગઈ હોવાનું રાજકીય નીરિક્ષકો જણાવી રહ્યા છે. આ સ્પર્ધામાં કોંગ્રેસ તેની પરંપરાગત મોરવા હડફ વિધાનસભાની બેઠક પણ જાળવી શકી નથી. આ બેઠકના ધારાસભ્ય સવિતાબેન ખાંટના અવસાનને કારણે તેમના કુટુંબીજનને ટિકીટ આપી કોંગ્રેસે મોટી સંખ્યામાં સહાનુભૂતિના વોટ મેળવી લેવાની ધારણા રાખી હતી પરંતુ કોંગ્રેસની હાલત "બાવાના બેઉ બગડ્યા" જેવી થઈ છે. ખુબ જ આશ્ચર્યજનક રીતે ભાજપે કોંગ્રેસની આ પરંપરાગત બેઠક આંચકી લઈ ૧૭૭૧૬ મતોની સરસાઈથી શાનદાર વિજય મેળવ્યો હતો.

મોરવા હડફની જેમ કોંગ્રેસ બનાસકાંઠા લોકસભાની બેઠક પર તત્કાલીન સાંસદ સ્વ. મુકેશ ગઢવીના ધર્મપત્ની કૃષ્ણાબેન ગઢવીને ટિકીટ આપી સહાનુભૂતિના નામે જંગી મતો મેળવવાની વ્યુહનીતિ અપનાવી હતી. પરંતુ અહીં પણ કોંગ્રેસને હરીભાઈ ચૌધરી જેવા ભાજપના ધૂરધંર ખેલાડી સામે ધોબી પછાડ પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પોરબંદર લોકસભાની બેઠક પર મતદારો પક્ષપલટુ ઉમેદવારને જકારો આપશે તેવા દિવા સ્વપ્નોમાં રાચતી કોંગ્રેસના પગતળેથી જમીન સરકી ગઈ છે. કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયેલા વિઠ્ઠલ રાદડીયા જેવા કદાવર ઉમેદવાર ૧.૪૫ લાખની સરસાઈથી ભવ્ય વિજય મેળવ્યો છે. કોંગ્રેસે અહીં વિઠ્ઠલ રાદડીયાની વિરૂધ્ધમાં કોઈ પણ હવામાન ઉભુ કરી શકી નહીં અને રાદડીયાના વાવાઝોડામાં મહાત્મા ગાંધીના પોરબંદરમાં તેમની ઈચ્છા પ્રમાણે કોંગ્રેસને તાળા મારવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. સૌરાષ્ટ્રમાં વિધાનસભાની અન્ય ત્રણ બેઠકોમાં કોંગ્રેસ જળ અધિકાર યાત્રા યોજી પાણીની તંગી અને અછતના મુદ્દે કાગારોળ મચાવી ભાજપને પરાસ્ત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ધોરાજી, જેતપુર અને લીંબડીની બેઠક પર કોંગ્રેસની કોઈ કારીગરી ચાલી ન હતી અને ભાજપને મતદારોએ અભૂતપૂર્વ વિજય અપાવ્યો હતો. આ પેટા ચૂંટણીની સહુથી વધુ ધ્યાન ખેંચે તેવી ઘટના એ પણ હતી કે એક તરફ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયેલા વિઠ્ઠલ રાદડીયાને લોકસભામાં અને તેમના પુત્ર જયેશ રાદડીયાને વિધાનસભામાં મતદારોએ જવલંત વિજય અપાવ્યો છે. જયારે બીજી તરફ કોળી પટેલ મતો માટે નિર્ણાયક ગણાતી લીંબડીની બેઠક પર કોંગ્રેસના સાંસદ સોમાભાઈ ગાંડાભાઈ પટેલ તેમના પુત્ર સતીષ પટેલને જીતાડી શક્યા નથી જે કોંગ્રેસના આવનારા દિવસો કેવા હશે તેના પૂર્વ સંકેતો આવી રહ્યા છે.

# સે.૨૨માં સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૫

શ્રી રામચરિત માનસના પંચમ સોપાન શ્રી સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન આજે સેક્ટર-૨૨માં કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતે કાન્તીભાઈ યોગીની વ્યાસપીઠ હેઠળ જ્યોત્સનાબહેન એન. સંતોકીના નિવાસસ્થાને બ્લોક નં. ૧૨૨/૩, ચ-ટાઈપ, સતકર્મ ટ્રસ્ટ સામે સુંદરકાંડના પાઠ યોજાશે ત્યારે ભાવિક ભક્તોને આ સુંદરકાંડનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા દત્તબાવની સંજીવની પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૫

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા આગામી તારીખ ૭ જૂન ૨૦૧૩ને શુક્રવારને અમાસના નિમિત્તે કાન્તિભાઈ પટેલ, આનંદનગર સોસાયટી, સે-૨૭ ખાતે રાત્રીના ૮ થી ૧૦.૩૦ સુધી દત્તબાવની સંજીવનીના પાઠ યોજાશે આથી સર્વે ભકતજનોને લાભ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવે છે.

# શબ્દાવલી - ૫૦૮૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | |
| ૬ | | ■ | ૭ | ૮ | | | ■ |
| ૯ | | ૧૦ | ■ | ૧૧ | | | ■ |
| ■ | ૧૨ | | ૧૩ | | ■ | ■ | ૧૪ |
| ૧૫ | | ■ | | ■ | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | | ■ | | ■ | |
| | ■ | | ■ | ૧૯ | | | |
| ૨૧ | | ■ | ૨૧ | | | ■ | ■ |

**આડી ચાવી**

૧. મુશ્કેલી (૪)
૪. શોધ, ખોળવું, ... કરવી (૩)
૬. થર (૨)
૭. ધૃણા (૪)
૯. અંગીકાર કરવું, ... કરવો (૩)
૧૧. મારી નાખનાર વ્યક્તિ, ખુની (૩)
૧૨. ધુરા, લગામ (૪)
૧૫. માલખુ, આંખો સહેજ ત્રાંસી હોય તેવું (૨)
૧૬. ઉદાહરણ (૩)
૧૭. ઢીલું કામકાજ (૪)
૧૯. સાધના, જપ (૪)
૨૦. છુટકારાનો ઉચ્ચાર (૨)
૨૧. ચાળવા માટે ઉપયોગી સાધન (૩)

**ઊભી ચાવી**

૧. તપ કરનાર પુરૂષ (૩)
૨. લુખ્ખો, પૈસા પાસે ના રાખે તેવો (૬)
૩. મજા, મોજ (૨)
૪. તરી શકે તેવો પદાર્થ (૩)
૫. ભાણુ (૩)
૮. સંત, સાધુ (૩)
૧૦. નાડી (૨)
૧૩. ડોકમાં પહેરાતું ઘરેણું (૩)
૧૪. અવલોકન, વિવેચન (૪)
૧૬. અન્ન-જળ (૪)
૧૮. ચીડ (૨)
૧૯. હૃદય, દિલ (૨)

## શબ્દાવલી ૫૦૮૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) નિપજ (૩) ઉગમણુ (૬) રમતારામ (૭) શ્રીપદા (૯) રોગ (૧૧) તકલુ (૧૨) આશા (૧૩) રમા (૧૫) વાન (૧૬) બિન (૧૭) ઘરકામ (૧૯) આવાગમન (૨૦) સજાગ (૨૧) નાગણ

**ઊભી ચાવી :-** (૧) નિરાશ્રીત (૨) જરદાલુ (૩) ઉતારો (૪) ગરાગ (૫) મજા (૮) પકવાન (૧૦) આશાન (૧૨) આવાગમન (૧૩) રઘવા (૧૪) મારગ (૧૬) બિન્દાસ (૧૮) કામના (૧૯) આગ

# કંપની સમાચાર

## એપોલો ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ બન્યો દુનિયાનો વ્યસ્ત સોલીડ ઓર્ગન ટ્રાન્સપ્લાસન્ટ પ્રોગ્રામ એપોલો હોસ્પિટલ અમદાવાદે ૮ સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કર્યા

દર્દીઓ અને તેમનાં કલ્યાણ માટે ગુણવત્તા સભર હેલ્થકેર સેવાઓ આપવા માટે એપોલો હોસ્પિટલ જાણીતી છે. વર્ષ ૨૦૧૨માં એપોલો ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ અંતર્ગત ૧૨૦૦ ટ્રાન્સપ્લાન્ટ કરનાર દુનિયાનો સૌથી વ્યસ્ત સોલીડ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ બની ગયો.

એપોલો ગ્રુપના ગ્રુપ મેડીકલ ડીરેકટર અને સિનિયર પીડીયાટ્રીક ગેસ્ત્રોન્ટેરોલોજીસ્ટ, ડૉ. અનુપમ સિબલે જણાવ્યું કે 'એપોલો ટ્રાન્સપ્લાન્ટ પોગ્રામે વર્ષ ૨૦૧૨માં ૧૨૦૦ ટ્રાન્સપ્લાન્ટ (૩૬૦ લીવર અને ૮૪૦ કીડની) કરી દુનિયાનૌ સીથી વ્યસ્ત ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ બનાવી દીધો. ૧૯૯૮માં દિલ્હી એપોલો હોસ્પિટલ ખાતે પ્રથમ સફળ પીડીઆટ્રીક અને એડલ્ટ લીવર ટ્રાન્સપ્લાન્ટથી શરૂ કરી એપોલો ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામે અત્યાર સુધી ૧૩૦૦ લીવર ટ્રાન્સપ્લાન્ટ કર્યા છે. એપોલો હોસ્પિટલ અમદાવાદે પણ ૮ લીવર ટ્રાન્સપ્લાન્ટ કર્યા છે.'

## ફોસિલ રજૂ કરે છે વંડરફૂલ વ્હાઈટ્સ ટાઈમપિસીઝ

ફોસિલે તેના અત્યાધુનિક ટાઈમપિસીઝ વંડરફૂલ વ્હાઈટ્સની રજૂઆત કરી છે. સાદગીસભર અને પહેવામાં સરળતા રહે તેવી ફેશન સાથેનું આ ટાઈમલેસ પિસ વોર્ડરોબમાં પણ દીપી ઉઠે છે. આ કલેકશન પુરુષો અને મહિલાઓ એમ બંને માટે પોતાની અલગ અને અનોખી ભાત ઉપજાવે છે.

વિન્ટેજ મેન પોકેટ વોચીઝ પરથી પ્રેરિત થયેલી ચીક **ES3276** માં સુપર સ્લીમ ચામડાનો પટ્ટો છે, જે અનોખી સ્ટાઈલ બક્ષે છે.

ફોસિલનાં વંડરફૂલ વ્હાઈટ્સમાં **JR1423**ની પણ રજૂઆત કરવામાં આવી છે. સ્ટાર્ક વ્હાઈટમાં ઉપલબ્ધ એવું આ ટાઈમપીસ મેટ્રોપોલિટન સ્ટાઈલ ધરાવે છે. પુરુષત્વ ચડે તેવા સ્પંદનો આ પિસનાં જોવા મળે છે. અન્ય મોડલ **CH2858** માં ત્રણ આંખવાણી ક્રોનોગ્રાફ શાલીનતા જોવા મળે છે.

## લિંકન ફાર્મામાં વાર્ષિક ચોખ્ખા નફામાં ૮૮.૭૬ ટકાનો વધારો

અમદાવાદ સ્થિત અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિ. એ તા. ૩૧ માર્ચ ૨૦૧૩નાં રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષનાં ઓડિટેડ પરિણામો જાહેર કર્યાં છે.

કંપનીની કુલ કન્સોલિડેટેડ આવક રૂા. ૧૮૯.૮૫ કરોડથી વધીને રૂા. ૧૯૬.૯૧ કરોડની નોંધાઈ છે. કંપનીનો કન્સોલિડેટેડ ચોખ્ખો નફો રૂા. ૫.૧૧ કરોડથી ૮૮.૭૬ ટકા વધીને રૂા. ૯.૬૬ કરોડનો થયો છે. કંપનીની શેરદીઠ કમાણી પણ રૂા. ૩.૧૪થી વધીને રૂા. ૫.૯૨ની થઈ છે. દેશભરમાં પ્રવર્તતી નબળી આર્થિક સ્થિતિ ફૂગાવો વગેરે જેવા પરિબળો છતાં કંપનીનો ચોખ્ખો નફો વધ્યો છે.

કંપનીનાં બોર્ડ ઓફ ડાયરેકટર્સે રૂા. ૧૦ની મૂળકિંમતમાં શેર પર રૂા. ૦.૬૦નાં ડિવિડન્ડની ભલામણ કરી છે. કંપની નવા મૂડી ખર્ચ પર પણ વિચારણા કરી રહી છે. તેમાં આર એન્ડ ડી યુનિટ, સૂચિત યુએસ એફડીએ પ્લાન્ટ વગેરેનો સમાવેશ થાય છે.

# કોંગ્રેસની શરણાગતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેઓ મધ્ય-દેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના વખાણ કરી ચૂક્યા છે, પરિણામે રાષ્ટ્રીય ભાજપના મોટાભાગના નેતાઓ નરેન્દ્ર મોદીની પડખે આવ્યા છે. ગોવાની રાષ્ટ્રીય કારોબારીની બેઠક નરેન્દ્ર મોદી માટે અતિ મહત્વની બની છે.

ભાજપ અને વિવાદોને નવાઇ નથી. પાર્ટીના નેતાઓ આપસમાં બાખડે છે. એક ને પછાડવા બીજાને ઉપર ઉઠાવે છે પરંતુ ચૂંટણી આવતા તમામ નેતાઓ કંઇ બન્યું ન હોય તેમ એકસંપ થઇ જાય છે, જયારે કોંગ્રેસમાં વિરોધી નેતા હંમેશ વિરોધી રહે છે. તેને ચૂંટણી મેદાનમાં પછાડવા વિરોધી ટોળી સક્રિય બની જાય છે. આ ફરકના કારણે ગુજરાતમાં કોંગ્રેસનો ઘોર પરાજય થાય છે.

નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં છે. મુખ્યમંત્રીઓની સલામતી અંગેની બેઠકમાં તેઓ ઉપસ્થિત રહ્યાં છે પણ તેમની નજર ગોવાની કારોબારી ઉપર સ્થિર છે. કોઇ વિઘ્ન ન આવે તો આ બેઠકમાં તેમને પાર્ટી તરફથી મહત્વની જવાબદારી સોંપવામાં આવે તેમ લાગી રહ્યું છે. જો કે -ાઇમ મિનિસ્ટરના કેન્ડિડેટ જાહેર કરવામાં ભાજપ હજી કોઇ ઉતાવળ કરવા માગતું નથી.

ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદી માટે નવી દિલ્હીમાં એક ગ્રાન્ડ શો થવાનો છે. દિલ્હી બેઇઝ તેજીન્દર બગ્ગા અને મોદીના અન્ય ફેન દ્વારા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે એક રાષ્ટ્રીય કેમ્પેઇન તૈયાર કરવામાં આવ્યું છે. નમો ફોર પીએમ મેરેથોન... નામના આ શો માં મોદી ફેન્સ તરફથી ખુદ લાલકૃષ્ણ અડવાણીને આમંત્રણ આપવામાં આવ્યું છે. ૩૦?? જૂનના રોજ સાંજે પાંચ કલાકે ઇન્ડિયા ગેટ પાસે આ શો રાખવામાં આવ્યો છે. આ મેરેથોન દ્વારા દેશભરમાં નરેન્દ્ર મોદીને -ોજેક્ટ કરવાનો તખ્તો ઘડાયો છે.

વિધાનસભા કે લોકસભાના ઉમેદવારોની પસંદગી કરવામાં કોંગ્રેસના -દેશ નેતાઓ નબળા પુરવાર થયા છે. ૨૦૦૨, ૨૦૦૭,૨૦૧૨ વિધાનસભાની સામાન્ય ચૂંટણી અને ૨૦૧૩માં પેટા ચૂંટણીએ સિદ્ધ કર્યુ છે કે કોંગ્રેસ પાસે દમદાર નેતાનો અભાવ છે. કોંગ્રેસમાં એકપણ નેતા એવો નથી કે ગુજરાતની કોઇપણ બેઠક ઉપર ચૂંટણી લડી શકે. વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના શક્તિશાળી ગણાતા એકમાત્ર શંકરસિંહ વાઘેલા જીત્યા હતા. ભાજપે શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા અને સિદ્ધાર્થ પટેલ જેવા નેતાઓને હરાવ્યા છે. બીજી તરફ કોંગ્રેસે નરહરિ અમીન અને વિઠ્ઠલ રાદડિયા જેવા પાટીદાર જૂથના વગદાર નેતાઓ ગુમાવ્યા છે. કોંગ્રેસમાં સતત અન્યાય સહન કરીને છેવટે તેઓએ ભાજપનો હાથ પકડ્યો છે.

કોંગ્રેસ માટે ૨૦૧૪માં ચૂંટણી પણ નિરાશાવાદી જણાઇ રહી છે, કારણ કે ૨૬ ઉમેદવારો પસંદ કરવાની -ક્રિયામાં કોંગ્રેસના -દેશ નેતાઓ પાંગળા પુરવાર થાય તેમ છે. કોંગ્રેસના જીતી શકે તેવા ઉમેદવારો કુંવરજી બાવળીયા, દિનશા પટેલ, સોમાભાઇ પટેલ અને વિક્રમ માડમ જેવા મહારથીઓ ઉપર નરેન્દ્ર મોદીની નજર પડેલી છે. લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસમાં વધુ એક મોટું ભંગાણ તોળાઇ રહ્યું છે. સામે પક્ષે ભાજપમાંથી કોંગ્રેસમાં આવવા માગતા નેતાઓની સંખ્યા દેખાતી નથી. ભાજપે જેમને ટિકીટ આપી નથી કે ભાજપ જેમનાથી અંતર રાખે છે તેવા નેતાઓ ભાજપમાં જ રહેવાનું મુનાસિબ માને છે. તેઓ પાર્ટી છોડવાના મતના નથી.

કોંગ્રેસના -દેશ માળખાની કમાન યુવાનોને સોંપી દેવામાં આવે તો કોઇ પોઝિટીવ પરિણામ આવી શકે છે. મોદી શું બોલ્યા અને તેઓ શું કરે છે તે જાણવાની જગ્યાએ કોંગ્રેસના નેતાઓ પોતાના -ભાવ લોકો ઉપર વધારી શકે તો પાર્ટીની છબી સુધરી શકે છે. પાછલી તમામ ચૂંટણીમાં એવું દેખાયું છે કે મોદીના વક્તવ્યની -તિક્રિયા આપવામાં જ કોંગ્રેસે તેની ઘોર ખોદી છે.

**ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લી. - ગાંધીનગર**

**જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૧૩-૧૪ (બીજો પ્રયત્ન)**

ચીફ જનરલ મેનેજરશ્રી (સીવીલ), ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી., ત્રીજો માળ, જલસેવા ભવન બિલ્ડીંગ, એરફોર્સ સ્ટેશનની સામે, છ-રોડ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર ગુજરાત રાજ્ય દ્વારા નીચેના કામ માટે ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

**(અ) કામનું નામ :** (૧) એન.સી.-૨૬ પ્રોજેક્ટ અંતર્ગત સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલની સાંકળ ૬૬૧૨૦ મી ની ડાબી બાજુએ હેડ રેગ્યલેટર તેમજ કંટ્રોલ કેબીન બાંધવાનું કામ જિ.:સુરેન્દ્રનગર ટેન્ડર આઈ.ડી નં. ૧૧૭૩૪૮ (૨) એન.સી.-૩૦ પ્રોજેક્ટ અંતર્ગત સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલની કાંલ-૬૭૯૮૦ની જમણી બાજુએ હેડ રેગ્યલેટર તેમજ કંટ્રોલ કેબીન બાંધવાનું કામ જિ. : સુરેન્દ્રનગર ટેન્ડર આઈ.ડી નં. ૧૧૭૩૫૭

**(૨) અંદાજીત કિંમત :** (૧) કામ-૧ માટે રૂ. ૭૩૧.૮૯ લાખ (૨) કામ-૨ માટે રૂ. ૭૨૭.૪૪ લાખ

**(૩) ટેન્ડર માટેની પાત્રતા :** ગુજરાત સરકારના માર્ગ અને મકાન / સિંચાઈ વિભાગ સાથે 'એએ' ક્લાસમાં બાંધકામ રજીસ્ટ્રેશન ધરાવતી અથવા ભારત સરકાર /ભારતના અન્ય રાજ્યોમાં સમકક્ષ ક્લાસની નોંધણી ધરાવતી અને બીડ ડૉક્યુમેન્ટમાં દર્શાવ્યા મુજબનો અનુભવ ધરાવતી એજન્સી.

**(૪) ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખ :** ૨૬/૬/૨૦૧૩ના રોજ ૧૮.૦૦ કલાક સુધી વધુ વિગત વેબસાઈટ http://wwww.statetenders.com/, તથા http://wwww.nprocure.com/ પર ઉપલબ્ધ છે.

માહિતી/૪૮૫/૧૩/૧૪

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા નં.૦૫/૨૦૧૩-૧૪**

કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ઓફિસ નં.૧૨૫, ફર્સ્ટ ફ્લોર, આઈટી ટાવર-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, ગાંધીનગર દ્વારા નીચેના કામો માટે ઓનલાઈન ભાવપત્રક માંગવામાં આવે છે.

| અનુ | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) શ્રેણી (૩) ઈ.એમ.ડી. (૪) ટેન્ડર ફી |
|---|---|---|
| ૧. | ઈમ્પ્રુવમેન્ટ ઓફ સરાઉન્ડીંગ એરિયા ઓફ ગેસ્ટ હાઉસ, - પેવર બ્લોક પેવમેન્ટ | (૧) રૂ. ૭,૭૦,૭૫૫.૫૦ (૨) 'ઈ-૨' અને ઉપર (૩) રૂ. ૭,૭૫૦.૦૦ (૪) રૂ. ૯૦૦.૦૦ |
| ૨. | ઈમ્પ્રુવમેન્ટ ઓફ સરાઉન્ડીંગ એરિયા ઓફ રેસિડેન્સીયલ ક્વાર્ટર એટ સેક્ટર-૧૩, ગાંધીનગર - પેવર બ્લોક પેવમેન્ટ. | (૧) રૂ. ૧૪,૬૭,૪૨૦.૧૦ (૨) 'ઈ-૨' અને ઉપર (૩) રૂ. ૧૪,૭૦૦.૦૦ (૪) રૂ. ૯૦૦.૦૦ |

ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૩/૬/૨૦૧૩થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તા. ૧૮/૬/૨૦૧૩, ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા www.gmbports.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી છે.

માહિતી/૪૮૨/૧૩/૧૪